સીલિંગ મુદ્દે વિરોધ થતાં બે કલાક મુગલસરાયના ગેટ બંધ રાખવા પડ્યા

કોંગ્રેસ ઉપરાંત કતારગામના કલાસિસ સંચાલકો, રેસ્ટોરન્ટ સંચાલકોનો પણ મોરચો આવ્યો : વિપક્ષી નેતા પણ મોરચા સાથે જોડાયા.

સુરત : સીલીંગ મુદ્દે મુખ્ય કચેરી ખાતે યુથ કોંગ્રેસની આગેવાનો રજુઆત કરવા આવ્યા હતા. ત્યારે જ કતારગામ વિસ્તારના સ્કુલ અને કલાસીસના સંચાલકોએ પણ મનપા ખાતે મોરચો માંડયો હતો.

અત્યાર સુધીમાં સુરત મનપાના ફાયર વિભાગ અને વિવિધ ઝોન દ્વારા 900થી વધુ મિલકતોને સીલ મારવામાં આવ્યું છે. જેમા માર્કેટ, શોપીગ સેન્ટર, મોલ, ટયુશન કલાસીસ, હોસ્પિટલ સહીતની સંસ્થાઓનો સમાવેશ થાય છે. છેલ્લા બે સપ્તાહથી દુકાનો, માર્કેટ સહીતની સંસ્થા બંધ રહેવાને કારણે લોકોની હાલત કફોડી બની છે. જેને ધ્યાને લઈ સુરત મનપાએ ફાયર એનઓસી સર્ટીફીકેટ રીન્યુ કરવાની બાકી હોય તેવી મિલકતોનું સીલ ખોલી આપવાનો નિર્ણય કર્યો છે. જોકે બીયુ સર્ટીફીકેટ અને ફાયર એનઓસી વગરની મિલકતો અંગે હજુ સુધી કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી. જેને પગલે લોકોમાં ભભુકતો રોષ જોવા મળી રહ્યો છે.

યુથ કોંગ્રેસની આગેવાની હેઠળ આજે વિવિધ સ્કુલ અને કલાસીસના સંચાલકોએ મનપાની મુખ્ય કચેરીની બહાર મોરચો માંડયો હતો. મોટી સંખ્યામાં એકત્ર થયેલા અસરગ્રસ્તોએ મનપાના વિરોધી સુત્રોચ્ચાર કરીને મનપાની કચેરી ગજવી નાંખી હતી. મનપાના સીકયોરેટી સ્ટાફે અસરગ્રસ્તોને મનપાની કચેરીમાં પ્રવેશ કરતા અટકાવ્યા હતા.

જેને પગલે યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મનપાના વિપક્ષ નેતા પાયલ સાકરીયા સહીતના આપના કોર્પોરેટરોએ હોબાળો મચાવી દીધો હતો. કોંગ્રેસના કાર્યકર્તાઓ ગેટ પર ચઢીને બળજબરી મનપામાં ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. જેને પગલે મામલો ગરમાયો હતો. જોકે પોલીસ દરમિયાનગીરી કરી મામલો થાળે પાડયો હતો. અને ત્યારબાદ પાંચ જેટલા અસરગ્રસ્તોએ મ્યુ કમિશ્નરને રજુઆત કરી પોતાની વેદના ઠાલવી હતી.

ભેદભાવનો આક્ષેપ : નાની દુકાનો સીલ, મોટાં એપાર્ટમેન્ટ ખુલ્લાં

સુરત મનપા દ્વારા છેલ્લા ૧૦થી ૧૨ દિવસ દરમિયાન ૯૦૦ જેટલી મિલકતોને સીલ કરવામાં આવી છે. અનાજ કરિયાણાની નાની દુકાન, વાળંદની દુકાન, નાના ક્લીનીંગ, વકીલની ઓફિસ કે અન્ય નાની દુકાન-ઓફિસ સહીત વર્ષો જૂની મિલકતો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. પરંતુ જે એપાર્ટમેન્ટમાં દુકાનો છે તે એપાર્ટમેન્ટ પાસે પણ ફાયર એન.ઓ.સી કે બીયુ સર્ટીફીકેટ નથી તેવી મિલકતોને સીલીગની કાર્યવાહી માંથી બાકાત રાખવામાં આવી રહી છે. જેને પગલે મનપાની બેવડી નિતીને લઇ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસના કાર્યકરો અને સિક્યુરિટી વચ્ચે ધર્ષણ

પાલિકા કચેરીના મુખ્ય દ્વારની બન્ને જાળી બંધ કરી દેવામાં આવી હતી. તેથી કોગ્રેસના કાર્યકરોએ સુરક્ષા કર્મીઓ સાથે ઘર્ષણ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. દરમિયાન ધક્કા મુક્કી સાથે જ એક જાળી ખોલી દેવામાં આવી હતી. જો કે અંદરની વધુ એક જાળીને તાળું મારી દેવામાં આવતા માહોલ ગરમાયો હતો. કાર્યકરોએ ભાજપ અને મહાપાલિકા વિરુદ્ધના સૂત્રોચ્ચાર કર્યા હતા. એક કલાકના ઉહાપોહ બાદ અંતે પાંચ આગેવાનોને રજૂઆત કરવા માટે આવવાની છૂટ આપતા તેઓએ કમિશનરને મળીને કોંગ્રેસીઓએ રજૂઆત કરી હતી.



(તસવીર : સતીષ જાદવ)

કતારગામ ઝોનના વસ્તાદેવડી રોડ પર વૃક્ષો કપાઈ જતાં ચકચાર

એક ઇમારત બની રહી હોવાથી વૃક્ષો કપાયાં: તપાસની માંગણી

સુરતઃ સુરત પાલિકા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સાથે સુરતમાં પર્યાવરણની જાળવણી થાય એ માટે અનેક જગ્યાએ વિનામૂલ્યે રોપા વિતરણ કરી રહી છે. તો બીજી તરફ સુરત શહેરના વસ્તાદેવડી રોડ પર હાલ બિલ્ડિંગ બને છે તેની બહાર ફૂટપાથ પરથી મોટાં વૃક્ષો કાપી નાંખવામાં આવતાં વિવાદ ઊભો થયો છે. પાલિકાના પૂર્વ કોર્પોરેટરે બિલ્ડિંગ બનતી હોય ત્યાં મોટાં વૃક્ષો કાપવાની પરવાનગી કેવી રીતે આપવામાં આવે છે તેની તપાસ કરવી જોઈએ તેવી માંગણી કરી છે.

હાલ સુરત પાલિકા પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવી રહી છે અને લાખો રૂપિયાના રોપા લોકોને વિતરણ કરી રહી છે. ત્યારે બીજી તરફ શહેરના વસ્તાદેવડી રોડ પર એક બિલ્ડિંગ બની રહ્યું છે તેની બહારના ફૂટપાથ પરથી પાલિકાએ મોટા કરેલાં વૃક્ષો રાતોરાત ગાયબ થઈ ગયાં છે. પાલિકાના પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ પ્રશ્ન કર્યો છે કે, આ વૃક્ષો રાતોરાત કેવી રીતે ગાયબ થઈ ગયાં. જો ગેરકાયદે દૂર કરાયાં હોય તો પગલાં ભરવા જોઈએ. પરંતુ જો પાલિકાએ પરવાનગી આપી હોય તો આટલાં મોટાં વૃક્ષો કાપવાની પરવાનગી કઈ રીતે આપી શકે તેની પણ તપાસ થવી જોઈએ.

સરકારે ડેપ્યુટેશન પર મોકલેલા ડેપ્યુટી કમિશનર બી.કે.પટેલનું રાજીનામું મંજૂર

બી.કે.પટેલની વિદાય થતાં ફાયર વિભાગનો ચાર્જ ડેપ્યુટી કમિશનર રાજેન્દ્ર પટેલને તેમજ મહેકમનો હવાલો ડેપ્યુટી કમિશનર ભોગાયતાને સોંપાયો

સુરત : સુરત મનપામાં રાજય સરકારે ડેપ્યુટેશન પર મોકલેલા જીઆઇએસ અને મનપામાં ફાયર અને મહેકમ વિભાગના વડા તરીકે ચાર્જ સંભાળતા ડેપ્યુટી કમિશનર બી.કે.પટેલે નિવૃતિ નજીક હોવા છતાં કોઇ કારણોસર રાજીનામું મૂકી દીધું હતું. ચૂંટણીની અચારસંહિતા વચ્ચે રાજીનામુ મૂકતા અનેક તર્ક-વિતર્ક ફેલાયા હતા. જોકે આજે રાજય સરકારે તેમનું રાજીનામું મંજૂર કરી દીધું હોય, તાકીદની અસરથી તેઓએ મનપાના તમામ ચાર્જ છોડીને વિદાય લઇ લેતા રાજયભરમાં ફાયર એનઓસી અને અન્ય મુદ્દે ચાલી રહેલા ધમાસાણ વચ્ચે ફાયર વિભાગના નવા વડા શોધવાની નોબત આવી હતી.

બી.કે.પટેલનું રાજીનામું મંજુર થતા જ તેમની સાથે મનપા કમિશનર શાલિની અગ્રવાલે રાજય સરકારે ડેપ્યુટેશન પર મોકલેલા આઇએએસ ડેપ્યુટી કમિશનર રાજેન્દ્ર પટેલને ફાયર વિભાગનો હવાલો સોંપી દીધો છે. આ ઉપરાંત બી.કે. પટેલ પાસેના અન્ય વિભાગ મહેકમનો હવાલો ડેપ્યુટેશન પર આવેલા ડેપ્યુટી કમિશનર ભોગાયતા અને આઇકોનિક પ્રોજેકટનો હવાલો સિટી ઇજનેર અક્ષય પંડયાને સોંપી દીધો છે. આમ આજે બી.કે.પટેલના રાજીનામનો વિષય ચર્ચામાં રહ્યો હતો.

સિટીલિંકની એજન્સીઓ સામે લાલ આંખ યથાવત : 3 માસમાં 47.72 લાખનો દંડ

બસો બ્રેકડાઉન થવાથી લઇને મુસાફરોને પડતી અગવડતા સહિત વિવિધ મુદ્દે તવાઇ

સુરત : સુરત મનપા દ્વારા શહેરીજનોને ધ્યાને રાખીને ખોટ ખાઈને પણ માસ ટ્રાન્સપોટેશનની સુવિધા આપવામાં આવી રહી છે. જેના માટે સિટીલીંક કંપની બનાવી બીઆરટીએસ અને સિટી બસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. પરંતુ સિટીલીંકની એજન્સીઓની મનમાનીને કારણે લોકોને મુશકેલી પડી રહી છે. જો કે મનપાના તંત્ર દ્વારા પણ બસ ઓપરેટ કરનારી એજન્સીઓ સામે લાલ આંખ કરીને ત્રણ મહિનામાં 47.72 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

મનપાની સિટીલીંક દ્વારા રોજ 700ની બસ અલગ અલગ રૂટ પર દોડાવવામાં આવે છે. જેમાં સિટીબસ અને બીઆરટીએસનો સમાવેશ થાય છે. મનપાની બસોમાં રોજ અઢી લાખથી વધુ લોકો મુસાફરી કરે છે. પરંતુ કેટલાક રૂટ પર બસ સમય પર ન આવવા અંગેની વ્યાપક ફરિયાદો મનપાને મળી રહી છે. તે સિવાય, વિસ્તૃત વિગતો મુજબ બસો વારંવાર બ્રેકડાઉન થવાની સાથે બસોની સંખ્યા ખૂબ ઓછી હોવા અને યાત્રા દરમિયાન પડતી વિવિધ મુસીબત તેમજ બ્રેકડાઉન બાદ બસ સમય પર નહીં હટાવવા બાબતે લોકોની ફરિયાદો મળતા પાલિકાએ બસ ઓપરેટ કરતી એજન્સીને માર્ચમાં 3.82, એપ્રિલમાં 24.55, મે મહિનામાં 19.35 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હોવાનું મનપાના સુત્રો જણાવી રહ્યાં છે.

શહેરમાં અલગ-અલગ બનાવમાં બે યુવકની ફાંસો ખાઈ આત્મહત્યા

સુરતઃ શહેરમાં અલગ-અલગ બનાવમાં બે યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેમાં વેડરોડ ખાતે રહેતા યુવકે તેમજ ડિંડોલીમાં યુવકે આત્મહત્યા કરી લીધી હતી.

વેડરોડ ખાતે આવેલ મીનાનગરમાં રહેતો ધનંજય ગણેશ શાહે સોમવારે સવારે ધનંજયે ઘરમાં પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

બીજા બનાવમાં, મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલ ડીંડોલી નવાગામ નીલકંઠ નગરમાં રહેતો પ્રવીણ ભાસ્કર વાનખેડે (28 વર્ષ) હીરાની ઓફિસમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે રાત્રે પ્રવીણએ ઘરમાં પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પ્રવીણના અઢી વર્ષ પહેલા લગ્ન થયા હતા.

ATMમાં પૈસા ઉપાડવામાં મદદ કરવાના બહાને છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ: 49 કાર્ડ મળ્યાં

પોલીસે આઈસ્ક્રીમ વેચનાર સહિત બે રાજસ્થાનીઓને ધરપકડ કરી

સુરતઃ કાપોદ્રામાં એટીએમની બહાર મદદ કરવાનું કહીને બે અજાણ્યાઓએ પીન નંબર જાણી લઈ 34 હજાર ઉપાડી છેતરપિંડી કરનાર બે રાજસ્થાનીઓને પકડી પાડ્યા છે.

કાપોદ્રામાં ફરિયાદીનું એટીએમ બદલીને પીન નંબર જાણી બારોબાર 34 હજાર ઉપાડી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે કાપોદ્રા પોલીસે એટીએમ કાર્ડ ફેરવી છેતરપિંડી કરતા આરોપીને ઝડપી પાડ્યા છે. એટીએમ પીન મેળવી છેતરપિંડી કરનાર આંતરરાજ્ય ટોળકીના બે સાગરીતો ઝડપાયા છે. લોકોને એટીએમમાં સમજ ન પડતા મદદના બહાને છેતરપિંડી કરતા હતા. એટીએમ મેળવી અન્ય કાર્ડ આપી બાદમાં પૈસા ઉપાડી લેતા હતા. આરોપીઓ પાસેથી કાપોદ્રા પોલીસે 49 જેટલાં એટીએમ કાર્ડ કબ્જે કર્યા છે. આરોપીની ધરપકડ સાથે એટીએમ કાર્ડ, મોબાઈલ, બાઈક અને રોકડા રૂપિયા કબ્જે લીધા છે.

આરોપી પપ્પુરામ અર્જુનલાલ જાટ (ઉ.વ.33, રહે.ગલ્યાવડી રોડ કેમુનીયા, ભીવલાડા, રાજસ્થાન) આઈસ્ક્રીમનો વેપાર કરે છે. અને પ્રભુલાલ ભેરૂલાલ જાટ (ઉ.વ.34, રહે.સાલેરીયા ભીલવાડા રાજસ્થાન) ખેતીકામ કરે છે. બન્ને રાજસ્થાનના વતની છે. આરોપીની સામે રાજસ્થાનમાં અગાઉ 9 ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી દ્વારા હનિટ્રેપ, લૂંટ સહીત એટીએમ ફ્રોડ સહિત ગુનામાં સંડોવણી હોવાનું સામે આવ્યું છે. કાપોદ્રા પોલીસે બંને આરોપી પાસેથી એક લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

તલંગપુર ખાતે કૌશલપાર્ક સોસાયટીમાં 58 હજારના ગાંજા સાથે એકની ધરપકડ

સુરતઃ સચીન-તલંગપુર રોડ ઉપર આવેલી કૌશલપાર્ક સોસાયટી વિ.-૧ પ્લોટ નં.૧૪, ૧૫ ખાતે આવેલી ચાલીમાં પહેલા માળે રૂમ નં.૧૩ વાળા રૂમમાં ગાંજાનો જથ્થો પડ્યો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસની ટીમએ રેઈડ કરી હતી. દરમિયાન રૂમમાંથી 58,700 ગાંજો મળી આવ્યો હતો. . પોલીસે ગાંજાનો જથ્થો રાખનાર આરોપી બિકાશ કિશોર ગૌડા (ઉ.વ.૨૧, રહે., લક્ષ્મીવિલા ટાઉનશીપ વિ.-૨, સચીન જી.આઇ.ડી.સી. તથા મુળ ગંજામ, ઓરિસ્સા) ની ધરપકડ કરી હતી. આરોપી ગાંજાનો જથ્થો ઓરિસ્સા ખાતેથી અજાણ્યા પાસેથી લાવ્યો હતો. અને સુરતમાં તેના ગામના વતની તેના મિત્ર મંગલુ શરત ગૌડાના રૂમમાં તેની જાણ બહાર બેગમાં ભરી રાખ્યો હતો.

સુરતમાં વધુ એક ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું

કાપોદ્રામાં બે દુકાનદારને પકડી 36 નંગ બોટલ કબજે લેવાઈ

પોલીસે બંને સ્થળે દરોડા પાડી કુલ 57,700 રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો હતો

સુરતઃ રાજકોટમાં સર્જાયેલી આગની કરુણાંતિકા બાદ સમગ્ર રાજ્યનું ફાયરબ્રિગેડ સતર્ક થયું છે. ત્યાં બીજી બાજુ બેરોકટોક સુરતમાં બોમ્બ સમાન ગેસ રિફિલિંગના ગેરકાયદે ચાલતા વેપલા પર પોલીસ દરોડા કરી રહી છે. કાપોદ્રા પોલીસે વધુ બે દુકાનદારને પકડી તેમની પાસેથી 36 ગેસની બોટલ પકડી કુલ 57,700 રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો હતો. કાપોદ્રા વિસ્તારમાં આવેલા મોહનબાગ ગેસ સર્વિસ દુકાનની આડમાં ગેસના બોટલોમાંથી બીજા ગેસના બાટલામાં ગેસ રી-ફિલિંગ કરવામાં આવતું હતું. સાથે જ મોટા પાયે ગેસના બાટલાઓનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. જેથી લોકોના જાનમાલનું નુકસાન થાય તે પ્રમાણે કૃત્ય કરતા બે દુકાનદારોની ગેસના બાટલા તથા રિફેલિંગના સામાન મળી કુલ્લે 57,700 ના મુદ્દા માલ સાથે કનૈયાલાલ જગદીશ ખટીક (ઉ.વ.28, રહે. શાંતીકુંજ સોસાયટી, પરવટ પાટીયા) અને ઈશ્વરલાલ બાબુભાઈ પુરોહીત (ઉ.વ.42, રહે.ઉગમ એપાર્ટમેન્ટ, વરાછા) ની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી બન્ને દુકાનદારોને ત્યાંથી 36 નાની મોટી બોટલની સાથે સાથે વજન કાંટા અને ગેસ રી-ફિલિંગ માટેની પાઈપ સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

રિક્ષાચાલક પાસેથી પઠાણી વ્યાજ ઉઘરાવનાર મહિલાની ધરપકડ

45,000ની સામે 68,000 ચૂકવી દીધા પછી પણ બે લાખની માંગણી કરતી હતી

સુરતઃ ઉન ખાતે રહેતા રિક્ષાચાલકે લિંબાયતમાં રહેતા દંપતિ પાસેથી વ્યાજે 45 હજાર લીધા હતા. જેની સામે 68 હજાર ચૂકવી આપ્યા પછી પણ દંપતિએ બીજા 2 લાખની માંગણી કરતા રિક્ષા ચાલકે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ ગઈકાલે પોલીસે મહિલાની ધરપકડ કરી છે.

ઉન ભીંડી બજાર હુશેનીયા મસ્જીદ પાસે ગુલશનનગરમાં રહેતા અને રિક્ષા ચલાવતા 36 વર્ષીય મુદસ્સર મુબીન ખાનએ જુલાઈ મહિનામાં નાશીર અને નજમા (બંને રહે., મમતા ટોકીઝ પાસે, લિંબાયત) પાસેથી વ્યાજે ૪૫ હજાર લીધા હતા. જેની સામે મુસર ખાન પાસેથી પઠાણી ઉઘરાણી કરી ધાક ધમકી આપી ૬૮ હજાર પડાવી લીધા હતા. આ પૈસા પડાવી લીધા બાદ પણ વ્યાજખોર નાસીર અને તેની પત્ની નજમાએ વધુ ૨ લાખ રૂપિયાની માંગણી કરી હતી. પરંતુ મુદસ્સર ખાને વધુ રૂપિયા આપવાની ના પાડતા પતિ પત્નીએ ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કંટાળીને અંતે મુદસ્સર ખાનએ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વ્યાજખોર દંપતિ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે ગઈકાલે નાઝમાબેગમ મોહમદ નાસિર મન્સૂરી (ઉ.વ.૩૫) ની ધરપકડ કરી છે.

ઉધના ઝોનમાં પાંડેસરા-ભેદવાડમાં ભર ઉનાળે ગંદું પાણી મળતા લોકો હાલાકીમાં મુકાયા

આ બે વિસ્તારના અમુક વિસ્તારમાં એક સપ્તાહથી પાણી ગંદું આવી રહ્યું હોવાથી રોગચાળાનો ભય

સુરત : કાળઝાળ ગરમી વચ્ચે શહેરમાં ઠેકઠેકાણે પીવાના પાણીના મુદ્દે ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે હવે ઉધના ઝોનમાં ભેદવાડ અને પાંડેસરાના અમુક વિસ્તારમાં એક અઠવાડિયાથી ગંદુ અને વાસ મારતું પાણી મળતું હોવાની ફરિયાદ ઉઠી છે. તેમજ ગંદા પાણીના કારણે રોગચાળાનો ભય ફેલાયો છે. લાંબા સમયથી ફરિયાદ છતાં સમસ્યાનો હલ ન આવતા આ વિસ્તારના લોકોના આરોગ્ય બગડે તેવી ભીતિ છે. સ્થાનિકોની ફરિયાદ મુજબ ભેદવાડ વિસ્તારમાં દરગાહ નજીક છેલ્લા એક અઠવાડિયાથી પીવાનું પાણી ગંદુ આવી રહ્યું છે. સ્થાનિક લોકોએ પાલિકાને અનેકવાર આ અંગે રજૂઆત કરી છે છતાં હજી સુધી ફરિયાદનો કોઇ નિકાલ આવ્યો નથી. પાલિકા તંત્રની બેદરકારીને કારણે છેલ્લા ઘણા સમયથી આ ફરિયાદનો નિકાલ થતો નથી પરિણામે લોકોને ગંદુ અને ગંધાતું પાણી પીવું પડી રહ્યું છે.

શહેરમાં રોડ અકસ્માતમાં બે યુવકનાં મોત

વેડ રોડમાં ટેમ્પો ચાલકે અડફેટે લેતાં તેમજ બમરોલી ખાતે મોપેડ સ્લીપ થતાં યુવકનું મોત

સુરતઃ શહેરમાં રોડ અકસ્માતના અલગ-અલગ બે બનાવમાં બે યુવકના મોત થયા હતા. જેમાં વેડરોડમાં ટેમ્પો ચાલકે અડફેટે લેતાં તેમજ બમરોલી ખાતે મોપેડ સ્લીપ થતાં યુવકનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ વેડરોડ ખાતે આવેલી તેજસ એન્ટરપ્રાઇઝ કંપનીમાં અતુલ જગદીશ પાલ (35 વર્ષ) સંબંધીઓ સાથે રહેતો હતો અને એજ કંપનીમાં કામ કરતો હતો. રવિવારે સાંજે અતુલ મિત્ર સાથે કંપનીની નજીક બેઠો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થતા ટેમ્પો ચાલકે તેને અડફેટેમાં લેતા ગંભીર ઈજા પહોંચી હતી. અતુલને ઈજાગ્રસ્ત હાલતમાં 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો.બીજા બનાવમાં, બમરોલી રોડ પર આવેલ સુથાર ફળિયામાં રહેતા કેનીલ રમેશ પટેલ (24 વર્ષ) ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. રવિવારે રાત્રે કેનિલ મોપેડ પર કામ માટે જઈ રહ્યો હતો. દરમિયાન બમરોલી અમીધારા રેસિડેન્સી પાસે બમ્પ આવતા કેનીલની મોપેડ સ્લીપ થઇ જતાં તે રોડ પર પટકાયો હતો. કેનીલને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

બાંધકામ બાબતે કતારગામ ઝોન ઓફિસમાં

જાતિ વિષયક અપમાનજનક બોલીને ધમકીના ગુનામાં આરોપીની આગોતરા નામંજૂર

સુરતઃ બાંધકામ બાબતે કતારગામ ઝોન ઓફિસમાં ફરિયાદ કરનારને કતારગામ ઝોન ઓફિસમાં બોલાવીને જાતિ વિષયક અપમાન જનક શબ્દો બોલીને ધમકી આપવાના ગુનામાં આરોપીની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

કેસની વિગત એવી છે કે આરોપી ચાવડા અરવિંદ વનરાજ અને લાલજી કસોટિયા વિરુદ્ધ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ અનુસાર કોઈએ દેવમ ઈન્ડસ્ટ્રીઝમાં બાંધકામ શરૂ કર્યું છે. ત્યારે ફરિયાદીએ તે બાંધકામ બાબતે કતારગામ ઝોનમાં ફરિયાદ કરી હતી. તેથી આરોપીઓએ ફરિયાદીને કતારગામ ઝોનમાં બોલાવીને ધમકી આપી કે દેવમ ઈન્ડસ્ટ્રીઝનો હવાલો તેની પાસે છે. બંને આરોપીઓએ ફરિયાદીને જાતી વિષયક અપમાન જનક બોલીને બીજી વખત ફરિયાદ કરી તો રસ્તામાંથી ખોવાઈ જશે એવી ધમકી આપી હતી. આરોપી ચાવડા અરવિંદે જામીન પર મુક્ત થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

ડો. કોકીલા દેસાઈ
તા.10-06-2024 થી
તા. 10-07-2024 સુધી મળશે નહીં, તેઓની જગ્યાએ બીજા ગાયનેકોલોજીસ્ટ મળશે.
ઇમરજન્સી માટે મોબાઈલ નં.
9879378760 પર સંપર્ક કરવો.